# VASHISHTHA GENESIS SCHOOL-BABEN
## (Gujarati Medium)

**પ્રબળ આત્મવિશ્વાસ એ જ મહાન કાર્યનો જનક છે. - સ્વામી વિવેકાનંદ**

સ્નેહી વાલીશ્રી, નમસ્કાર!

પ્રવર્તમાન સમય એ પરિવર્તનનો સમય છે. આજે દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવશ્યક બની રહ્યું છે ત્યારે શૈક્ષણિક ક્ષેત્રમાં પણ નવી શૈક્ષણિકનીતિ-૨૦૨૦ ને ધ્યાનમાં રાખી રાજય સરકાર દ્વારા ધો.૯ થી વોકેશનલ કોર્ષનો અમલ કરવાનું આયોજન કરવામાં આવ્યું. છે. આ આયોજનના ભાગ રૂપે ૨૦૨૦-૨૧ થી ગુજરાતમાં સરકારી અને ગ્રાન્ટેડ ૧૨૦૦ જેટલી શાળામાં ૪૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ વોકેશનલ કોર્ષ ૧૩ ટ્રેડમાં અભ્યાસ કરી રહયા છે. તેના હકારાત્મક પ્રતિસાદને ધ્યાને લેતા રાજય સરકાર દ્વારા સ્વનિર્ભર શાળાઓ પણ આ વોકેશનલ કોર્ષમાં ધો. ૯ થી જોડાઇ શકે તેવી પરવાનગી મળી છે. તો ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી સુરતની ૫૩ શાળાઓને આ વોકેશનલ કોર્ષ ચલાવવા માટે રાજય સરકારે મંજુરી આપેલ છે. મહત્વની વાત એ છે કે આ ૫૩ શાળાઓમાં આપણી શાળાને પણ આ વોકેશનલ કોર્ષ ચલાવવા માટે મંજુરી મળેલ છે, તો ચાલો આપણે આ વોકેશનલ કોર્ષ વિશે જાણીએ.

❖ **વોકેશનલ કોર્ષ શા માટે :-**

વ્યવસાયલક્ષી શિક્ષણ યોજના ધો.૯ અને ૧૦ તથા ધો.૧૧ અને ૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની સુષુપ્ત અવસ્થામાં પડેલી જીવન કૌશલ્ય કળાને બહાર લાવી તેના કૌશલ્યને નિખારવાનો અને આર્થિક રીતે વ્યકિતને પગભર બનાવવાનો સકારાત્મક પ્રયાસ છે. આ કોર્ષ IT ક્ષેત્રે ભવિષ્ય માટે ઉપયોગી છે.

❖ **ધોરણ-9 નું વિષયનૃં માળખું :-**

જૂથ-૧. ગુજરાતી (પ્રથમ ભાષા-ફરજિયાત)

જૂથ-૨. અંગ્રેજી (દ્વિતીય ભાષા- ફરજિયાત ), હિન્દી (રાષ્ટ્ર ભાષા), સંસ્કૃત (ફરજિયાત)

જૂથ-૩. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન (ફરજિયાત)

**જૂથ-૪. ૧.ચિત્રકામ, ૨.યોગ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ, ૩. કમ્પ્યૂટર અધ્યયન, ૪.Vocational (IT)**

❁ **ધોરણ 9 માં ચિત્રકામ, યોગ સ્વાસ્થ્ય અને શા.શિક્ષણ, કમ્પ્યૂટર અધ્યયન અને વોકેશનલ (IT) પૈકી કોઈપણ ૩ વિષય લઈ શકાય. તેમાં આપણી શાળામાં કમ્પ્યૂટર ફરજિયાત રહેશે. બાકીના ત્રણ વિષય ૧.ચિત્રકામ, ૨.યોગ સ્વાસ્થ્ય અને શા.શિક્ષણ ૩.વોકેશનલ (IT) માંથી કોઈપણ ૨ વિષય પસંદ કરવાના રહેશે.**

❁ **ધોરણ -9 માં વોકેશનલ કોર્ષની પરીક્ષા પદ્ધતિ:-**

શાળા કક્ષાએ - પ્રયોગિકના 50 માર્કસ + આંતરિક મૂલ્યાંકનના 20 માર્કસ રહેશે.

પરીક્ષા - સૈદ્ધાંતિક 30 માર્કસની પરીક્ષા રહેશે.

❁ **ધોરણ-10 નું વિષયનૂં માળખું :-**

જૂથ-૧. ગુજરાતી (પ્રથમ ભાષા-ફરજિયાત)

જૂથ-૨. અંગ્રેજી (દ્વિતીય ભાષા- ફરજિયાત), અને હિન્દી અથવા સંસ્કૃત અથવા **Vocational (IT)**

જૂથ-૩. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન (ફરજિયાત)

જૂથ-૪. ચિત્રકામ અથવા યોગ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ અથવા કમ્પ્યૂટર

**ધોરણ 10 માં સંસ્કૃત અથવા હિન્દીની જગ્યાએ વોકેશનલ (IT)**

**ધોરણ -9 માં વોકેશનલ (IT) વિષય પસંદ ના કરો તો ધોરણ 10 માં વોકેશનલ વિષય રાખી શકાશે નહી.**

❖ **ધોરણ -10 માં વોકેશનલ કોર્ષની પરીક્ષા પદ્ધતિઃ-**

શાળા કક્ષાએ - પ્રયોગિકના 50 માર્કસ + આંતરિક મૂલ્યાંકનના 20 માર્કસ રહેશે.

બોર્ડ પરીક્ષા - સૈદ્ધાંતિક 30 માર્કસની પરીક્ષા રહેશે.

❖ **વોકેશનલ કોર્ષ કરવાથી નીચે મુજબનું સર્ટીફીકેટ મળવા પાત્ર થશે.**

**National Skill Qualification Framework (NSQF)**

ધોરણ 10 ને અંતે **NSQF** લેવલ 2 નું પ્રમાણપત્ર જે **ITI** ના નોન ટેકનિકલ 6 મહિનાના સર્ટીફીકેટ કોર્ષને સમકક્ષ.

ધોરણ 12 સામાન્ય પ્રવાહને અંતે **NSQF** લેવલ 4 નું પ્રમાણપત્ર જે **ITI** ના નોન ટેકનિકલ 12 મહિનાના સર્ટીફીકેટ કોર્ષને સમકક્ષ.

❖ **ધોરણ 10 પછી ધોરણ 11 અને 12 માં પણ આ વોકેશનલ કોર્ષનું શું ?**

ધોરણ 11 અને 12 સામાન્ય પ્રવાહમાં આ કોર્ષ જૂથ-4 માં લઈ શકાશે.

ધોરણ 11 માં **વોકેશનલ (IT)** લેવામાં આવે તો ધો.12 માં પણ ફરજિયાત લેવો પડે !

❖ **નોંધઃ-**

૧. આ કોર્ષ પસંદ કરનાર વિદ્યાર્થીને **વોકેશનલ (IT)** નું પુસ્તક અલગથી (હાલમાં ઝેરોક્ષ કરીને) આપવામાં આવશે અને તેની જે તે કિંમત ચૂકવવાની રહેશે.

૨. આ **વોકેશનલ (IT)** કોર્ષથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં કારકીર્દી માટે, ઈન્ટરશીપ અને પ્લેસમેન્ટની તક પણ મળશે.

❁ **જે વિદ્યાર્થી આ વોકેશનલ (IT)કોર્ષ પસંદ કરવા ઈચ્છતા હોય તે વિદ્યાર્થીએ અલગથી આપેલ સંમતિ પત્રક ભરી વાલી અને વિદ્યાર્થીની સહી કરી તા.૧૬-૦૯-૨૦૨૫ ને સોમવારના રોજ વર્ગ શિક્ષકને જમા કરાવવાનું રહેશે.**

**નોંધઃ- વોકેશનલ (IT) કોર્સ સંદર્ભે કોઈ પ્રશ્ન હોય તો શાળાનો સંપર્ક કરવો.**

આચાર્યશ્રી

વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન.